

# શાળાઓમાં આગ સામે સલામતી માટેની માર્ગદર્શિકા







**સંકલન**

GSDMA

**ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ**

બ્લોક નં.૧૧, ૫ મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર–૩૮૨ ૦૧૧

ટેલિફોન નં. ૦૭૯–૨૩૨૫૦૨૨૦

Website: http://www.gsdma.org

**પૂર્વ ભૂમિકા**

શિક્ષણ અને જીવનના હક્કનું રક્ષણ કરતી વખતે, એટલું તો ચોક્કસ કરવું જ જોઈએ કે શાળાઓમાં વિદ્યાર્થીઓના જીવનની સુરક્ષા માટે સલામતીના ઓછામાં ઓછા પગલાંઓ લેવામાં આવ્યા છે કે નહી. દેશભરમાં આગના બનાવોના કારણે બાળકોના જીવનની સુરક્ષા સામે ગંભીર ખતરો ઉભો થવા પામ્યો છે, ભારતની સર્વોચ્ચ અદાલતે એપ્રિલ ૧૩, ૨૦૦૯ ના રોજ એક પીટીશનના પ્રત્યુત્તરમાં એવો નિર્દેશ આપ્યો છે કે દેશભરમાં ચાલતી શાળાઓએ સુરક્ષાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું જ પડશે.

**હેતુ :**

ગુજરાતમાંની શાળાઓમાં આગ સામે સલામતી અંગેની જાગૃતિ કેળવવાના હેતુથી ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા "શાળાઓમાં આગ સામે સલામતી માટેની માર્ગદર્શિકા" નામની એક પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. દરેક શાળા પોતે તથા તેના વિદ્યાર્થીઓ માટે આગ સામેની સલામતી તથા તેની જાળવણી માટે સંપૂર્ણ રીતે જવાબદાર છે. તે જ પ્રમાણે, દરેક વિદ્યાર્થી પણ તેની શાળામાં સલામતીના નિયમોનું અનુપાલન તથા આગ સામે સલામતીના સાધનોનો ઉપયોગ કરવા માટે જવાબદાર છે. આ માર્ગદર્શિકા એ હેતુથી તૈયાર કરવામાં આવી છે કે, જે દ્વારા શાળામાં તથા વિદ્યાર્થીઓમાં શાળામાં આગ સામે સલામતીની જાગૃતિ લાવી શકાય.

## આગ સામે સલામતીના સાવચેતીના પગલાં

આગ સામે બચાવ તથા સલામતીનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે, તેના પ્રારંભથી જ તેને અટકાવી દેવી. દરેક વ્યકિત આગને વધતી અટકાવવા માટે તથા આગ સમયે ઉભી થતી કટોકટીનું કેવી રીતે સંચાલન કરવું તે માટે પણ જવાબદાર છે.

૧) અગ્નિ શામક

અગ્નિ શામક એ ઝડપથી સળગી ઉઠે તેવા પદાર્થોના કારણે લાગતી આગને બૂઝાવવા / નિયંત્રણ કરવા માટે ઉપયોગમાં લેવાનું અગ્નિ શામક નામનું સાધન છે. આ અગ્નિ શામકનો ઉપયોગ તાલીમબધ્ધ કર્મચારીઓ દ્વારા કરાવો જોઈએ તથા તે આગ શરૂ થતાં જ ઉપયોગ કરવા માટેનું સાધન છે. અગ્નિ શામકનો પ્રકાર, સ્થળ, કદ અને સંખ્યા તેના કાર્ય વિસ્તારમાં પ્રવર્તમાન વિશેષ આગ સંકટ ઉપર તેનો આધાર હોય છે. બધા જ અગ્નિ શામકો કયાં તો એ, બી, સી અથવા એ, બી તથા સી તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે કે જેથી ખાતરીપૂર્વકનું યોગ્ય પ્રકારનું અગ્નિ શામક ખરીદી શકાય. તેની ઉપરનું લેબલ પણ કાળજીપૂર્વક વાંચી શકાય તથા તેને તે મુજબ ઓળખી પણ શકાય. માત્ર આઈએસઆઈ ISI માર્કાના જ પ્રમાણિત બીઆઈએસ અગ્નિ શામકોની જ ભલામણ કરવામાં આવે છે.

૧. **પોર્ટેબલ "એ" પ્રકારના (જળ–$CO^2$)** ISI ના માર્કાવાળા અગ્નિ શામકો લાકડું, કાગળ, કપડું, પ્લાસ્ટીક જેવા પદાર્થોથી લાગતી "એ" વર્ગની આગ સામે સલામતી માટેના છે.

૨. **ISI માર્કાવાળું કાર્બન ડાયોકસાઈડ ($CO^2$) પ્રકારનું અગ્નિ શામક** બધા જ પ્રકારના જલ્દીથી સળગી ઉઠે તેવા

**વિવિધ હેતુલક્ષી આગ શામકો (એબીસી) પ્રકારના** ઝડપથી સળગી ઉઠે તેવા પદાર્થોથી લાગતી આગનું સંચાલન / નિયંત્રણ કરી શકશે જેવાં કે ; ગેસ અને ગ્રીસીસ, તથા વિજળી શોટ સરકીટથી લાગતી આગ.

**જળ / જળ – ગેસ ફાયર પ્રકારના આગ શામકો (એ)** લાકડું અને / અથવા કાગળ, પ્લાસ્ટીક વગેરેથી લાગતી આગનું નિયંત્રણ કરી શકે છે.

**કાર્બન ડાયોકસાઈડ આગ શામકો (બીસી)** ઝડપથી સળગી ઉઠે તેવા પ્રવાહી, ગેસ અથવા વિજળીથી લાગતી નાના પ્રકારની આગનું નિયંત્રણ કરી શકશે.

પ્રવાહી, ગેસ, મશીનરીની આગ, વિજળીક તથા વિજાણું સાધનોથી પ્રજવલિત થતી આગ, ટ્રાન્સફોર્મર તથા સ્વીચ ગીઅરની બી અને સી વર્ગની આગના નિયંત્રણ માટે યોગ્ય છે. શાળાઓમાંની/લેબોરેટરી / કેન્દ્રોના દરેક કોમ્પ્યુટર માટે એક ૪.૫ લીટરની ક્ષમતાવાળાં $CO^2$ પ્રકારના એક અગ્નિ શામકની ભલામણ પણ કરવામાં આવે છે. ( કોમ્પ્યુટર

૩. **ISI માર્કાવાળું ડ્રાય કેમિકલ પાવડર (ડીસીપી) અગ્નિ શામક**, તેલ, પેટ્રોલ, પેટ્રોલિયમ પેદાશો, કોઈ પણ પદાર્થનો સંપૂર્ણ ક્ષય કરવાની શકિત ધરાવતું પ્રવાહી, રંગો, વારનીશ, રાસાયણિક, પ્રવાહી, જલ્દીથી પ્રજવલિત થતા પ્રવાહી, વિજળીક આગ, ગેસથી થતી આગ, વગેરેથી થતી બી અને સી વર્ગની આગના નિયંત્રણ માટે પણ ઉપયોગમાં લઈ શકાય છે. શાળામાં દરેક કેમેસ્ટ્રી / કેમિકલ લેબોરેટરી માટે ૫ લીટરની ક્ષમતાવાળા ડીસીપી પ્રકારના એક અગ્નિ શામકની ભલામણ કરવામાં આવે છે. જો ૫ કિલો વોટથી વધુ વિજળીનો વપરાશ હોય તો મુખ્ય વિજળી વિતરણ જંકશન માટે ૫ લીટરની ક્ષમતાવાળું ડીસીપી પ્રકારનું અગ્નિ શામક લગાડવાની પણ ભલામણ કરવામાં આવે છે.

## ૨) ઈલેકટ્રિક સ્વીચ ગીઅર સાધન / પધ્ધતિ

વિજળી તથા વિજળીક સાધનો દ્વારા ઈલેકટ્રિક આર્ક અથવા પુષ્કળ ગરમી ઉત્પન્ન થવાના કારણે પણ આગ લાગી શકે છે. તેનાથી થતા વિજળીક આંચકા તથા દાઝી જવાના કારણે વ્યકિત ઘાયલ થાય છે અથવા તેનું મૃત્યુ પણ થઈ શકે છે અથવા શાળામાં મોટી આગ પણ ભભૂકી ઉઠે છે. આ માટે માત્ર કામચલાઉ ધોરણે (૩–૪ દિવસથી પણ ઓછા દિવસો માટે) "વિસ્તરણ કોર્ડઝ" નો અચૂક ઉપયોગ કરવો અત્યંત જરૂરી છે. તીરાડવાળા તૂટેલા પ્લગ તથા સ્વીચો અને / અથવા ક્ષતિયુકત વાયરીંગ તરત જ બદલવું જરૂરી છે. પાવર આઉટ લેટસ્ તથા મલ્ટીપલ (વિવિધલક્ષી) પ્લગો કદી પણ ઓવરલોડ કરાયેલા હોવા જોઈએ નહી. માત્ર ISI માર્કાવાળા ઉપકરણો તથા સાધનો જ ઉપયોગમાં લેવાવા જોઈએ. વર્ષમાં ઓછામાં ઓછા એક વખત સમગ્ર શાળાનું વાયરીંગ તથા વિજળીક ઉપકરણોની નિયમિત ચકાસણી કરાવો. વિજળીક આગની ઉપર કદી પણ પાણી મુકશો નહી. વિજળીક આગ લાગે તે સમયે મુખ્ય સપ્લાય બંધ કરો. મીનીએચર / મોલ્ડેડ પ્રકારના સરકીટ બ્રેકર્સ (MCB's) અને /

<u>આગ શામક ચલાવવા માટે કેટલીક અગત્યની સુચનાઓ</u>

- આગ શામક તેના નિયત સ્થળે જ હોવું જરૂરી છે. તે, કર્મચારીઓ સરળતાથી લઈ શકે તેટલી ઉચાઈએ લગાવેલું હોવું જોઈએ. તેને ખૂબ જ ઉચાઈએ કે નીચે લગાવશો નહી.
- આગ શામકનો સરળતાથી ઉપયોગ કરી શકાય તે માટે તેની યોગ્ય રીતે નિભાવણી કરો. ત્યાં પહોંચવા માટે તથા તેને સહેલાઈથી જોઈ શકાય તે સામે કોઈ અવરોધ નથી તે અંગેની ચોકસાઈ રાખો.
- તેની પ્લેટ પર તેને ચલાવવા માટેની સૂચનાઓ બહારની બાજુ પર સરળતાથી વાંચી શકાય તેવી છે કે કેમ તેની ચોકસાઈ કરો ; તેની ઉપરનું સીલ તથા ટેમ્પર ઈન્ડીકેટર્સ તૂટેલા કે ખૂટતા તો નથી ને તેની પણ ખાતરી કરો.
- આગ શામક સામે વસ્તુઓ તથા સાધનોનો સંગ્રહ કરશો નહી. તેનાથી કટોકટી સમયે આગ બૂઝાવવામાં વિલંબ થઈ શકે છે.
- બધા જ કર્મચારીઓ આગ શામકની યોગ્ય ઉપયોગી રીતથી સૂચિત કરાયેલા તથા સુમાહિતગાર હોવા ખાસ જરૂરી છે. આગ શામકો સલામતી માટે તથા ચલાવવા માટે ચકાસેલ હોવા પણ ખાસ જરૂરી છે.
- દિવાલમાં લગાડેલ આગ શામકોના જોડાણોને શાળા સંચાલકોએ નિયત સમયાંતરે ચકાસવા જરૂરી છે. વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ ગંભીર રીતે ન ઘવાય તે માટે ઢીલા થઈ ગયેલા સાધનોની ખાતરી કરવી ખાસ જરૂરી છે.

- **ચકાસણી**

ચકાસણી એ ખરાઈ કરવાની પ્રક્રિયા છે કે જેમાં આગ શામક ઉપલબ્ધ છે તથા તે ચાલુ થઈ શકશે કે કેમ ? શાળા સંચાલકોએ, આગ શામક જયારે ઉપયોગમાં લેવાય તે સમયે તથા અંદાજે દરેક માસના અંતે તેનો નિયમિતપણે ચકાસવા ખાસ જરૂરી છે. શાળાઓએ આ આગ શામકોનો અહેવાલ રાખવાનો રહેશે કે જેમાં જરૂરી સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા હોય. દરેક ચકાસણીની તારીખ તથા તેમની સહી કરાયેલ હોવી જોઈએ તથા તેને આગ શામક સાથે જોડેલ હોવો જોઈએ.

અથવા અર્થ લીકેજ સરકીટ બ્રેકર્સ (ELCB's) જેવા સ્વીચ ગીઅર પ્રોટેકશનના સાધનોનો, ઓવર લોડ, શોર્ટ સરકીટ તથા ગ્રાઉન્ડ ફોલ્ટસ્‌ના કારણે લાગતી આગને અટકાવવા માટે દરેક વિતરણ એનકલોઝર માટે અચૂકપણે ઉપયોગ કરવો જરૂરી છે. માત્ર ISI q BSI માર્કાવાળા જ MCB's / ELCB's નો ઉપયોગ કરવા માટે ખાસ ભલામણ કરવામાં આવે છે.

## ૩) શાળાના મકાનોમાં "ફાયર એકઝીટ્‌સ" (Fire Exits) :–

'ફાયર એકઝીટ્‌સ" એ મુખ્ય પેસેજ વે માંથી મકાનની બહાર જવા માટેનું બારણું / દરવાજો, બાહ્ય સ્ટેટવે / સીડી છે. ચાલુ શાળાના મકાનોમાં આવા 'ફાયર એકઝીટ્‌સ" બધા જ અવરોધોથી મુકત અને સ્વતંત્ર રહેવા જોઈએ અને બહાર જવાના આ માર્ગોના બારણા અંદરથી ચાવી વિના જ ખોલી શકાય તેવા હોવા ખૂબ જ જરૂરી છે. આદર્શ સીડીની પહોળાઈ ૧.૫ થી ૧.૮ મીટર સુધીની હોવી જરૂરી છે. બે કે ત્રણ માળવાળા શાળાના મકાનોમાં–કે જેમાં માત્ર એક જ ફાયર એકઝીટ હોય–તેમાં એક વધારાની બહારની સીડી હોવી અત્યંત જરૂરી છે.

## ૪) ફાયર મોકડ્રીલ્સ :–

શાળાઓએ વર્ષમાં એક વખત "બે આગ / આપત્તિ એકઝીટ ડ્રીલ" નું આયોજન કરવું ખૂબ જ જરૂરી છે. (શાળામાંના મહિના અને / અથવા જયારે મકાનનો કબ્જો લેવામાં આવ્યો હોય ત્યારથી) આવી ડ્રીલ દર વર્ષે ૧૪મી એપ્રિલના રોજ (જો ૧૪ મી એપ્રિલના રોજ રજા આવતી હોય તો તે પછીના / આગળના કામકાજના દિવસે) રાષ્ટ્રીય આગ સલામતી દિન ઉજવવા તથા બીજી વખત અન્ય દિવસે– વિશેષ કરીને દિવાળી વેકેશન પહેલાં અથવા ઓકટોબર માસના બીજા બુધવારે આપત્તિ જોખમ શમન માટેના આંતરરાષ્ટ્રીય દિનની ઉજવણી કરવા માટે યોજાવવી જોઈએ. આવી ડ્રીલ્સનો અહેવાલ પણ રાખવો જ જોઈએ. આ હેતુ માટે જિલ્લાના જીએસડીએમએના પ્રતિનિધિ અને / અથવા સ્થાનિક આગ સેવાઓની સહાય પણ લઈ શકાય છે. આ મોક ડ્રીલ્સ નિયત વિધિઓ સહિત યોગ્ય એક સમાન સૂચનાઓ સાથેની એકઝીટ / સ્થળાંતર ડ્રીલ્સ તરીકેની રહેશે.

## શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ

- વિજળીક ઉપકરણોના કારણે લાગેલી આગથી વિજળીક ઉપકરણો અથવા આગની ઉપર પાણી રેડશો નહી.
- વિજળીના કારણે લાગેલી આગના કિસ્સામાં, વિજળીની મુખ્ય સ્વીચો બંધ કરો.
- યોગ્ય સ્થળોએ આગ બૂઝાવવાના સાધનો રાખો.
- એ બાબતની ખાતરી કરો કે આગ બૂઝાવવાના સાધનો હંમેશા ચાલુ હાલતમાં છે કે કેમ તથા સમયાંતરે તે ફરીથી પૂરા ભરવામાં આવે છે કે કેમ ?
- વિજળીક સાધનો પર ઓવર લોડીંગ તથા એક્ષ્ટેન્શન કોર્ડ્ઝ અથવા મલ્ટી–આઉટ લેટ સ્ટ્રીપ્સ કરશો નહી.
- મકાનની અંદરના સાંકડો માર્ગ, વચ્ચે થઈને અવર–જવર કરવાનો માર્ગ તથા બીજી એકઝીટમાંથી સરળતાથી સ્થળાંતર થઈ શકે તે હેતુથી તેને સંપૂર્ણપણે અવરોધ રહિત રાખો.એવા સાધનો તથા વિશેષ કરીને એવી વસ્તુઓ કે જે જલ્દીથી સળગી ઉઠે તેવી હોય તેને સ્થળાંતરના માર્ગો બંધ થઈ જાય તે રીતે રાખશો નહી.
- આગની કટોકટી સમયે ચીજ વસ્તુને ઉપર ચઢાવવાના યંત્રનો ઉપયોગ કરશો નહી.
- અગ્નિ શામક સૌથી નજીકના કયા સ્થળે આવેલું છે તથા તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેનાથી માહિતગાર રહો.
- સ્થળાંતર માટેના પ્રાથમિક તથા ત્યાર પછીના વૈકલ્પિક માર્ગો તથા સલામત રીતે એકત્ર થવાના સ્થળો વિષેની જાણકારી રાખો.
- કટોકટી સમયના ટેલિફોન નંબરો હાથવગુ રાખો.